**આકાશવાણી-ભુજ**

**સમાચાર વાચક:- આશુતોષ અંતાણી**

**કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી**

**તારખ: ૨૯-૦૬-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે**

---

## રાજ્ય-શાળા પ્રવેશોત્સવ

રાજ્યમાં ચાલી રહેલા ત્રણ દિવસના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું ગઈકાલે સમાપન થયું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલ પ્રવેશોત્સવના ત્રીજા અને અંતિમ દિવસે સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના સરોડી ગામની પ્રાથમિક શાળામાં જણાવ્યું કે સરકારી યોજનાઓનો લાભ લઈને દરેક બાળક સારામાં સારું શિક્ષણ મેળવે તે માટે સરકારે શરૂ કરેલી યોજનાઓનાં સારા પરિણામ મળી રહ્યા છે. તેમણે કોમ્પ્યુટર લેબ ખાતે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી અને ગામમાં શાળાના નવનિર્મિત બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું હતું.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## કચ્છ-શાળા પ્રવેશોત્સવ

ત્રી-દિવસીય કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવમાં કચ્છ જિલ્લામાં ૬૪ હાજર વિદ્યાર્થીઓએ બાલવાટિકા, ધો.1, ધો.9 અને ધો.11..12 માં પ્રવેશ મેળવ્યો. ૧૮૩૬ શાળામાં ૮૭ લાખ રૂપિયા જેટલો સહયોગ દાતાઓ પાસે થી મેળવાયો. શાળાઓમાં કુલ ૧૨૭ અધિકારી અને પદાધિકારીઓએ મુલાકાત લીધી હતી. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમાર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભૂપેન્દ્ર વાઘેલાએ દાતાઓની ઉદારતાને બિરદાવી હતી.

**(પરેશ મારૂ)**

---------------------------------------------------------------------------

## કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય-પરીક્ષા પધ્ધતિ

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – **NTA** દ્વારા પરીક્ષા પદ્ધતિમાં સુધારા સૂચવવા માટે રચાયેલી ઉચ્ચસ્તરીય સમિતિએ વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી આ મુદ્દે સૂચનો માંગ્યા છે. ઇસરોના ભૂતપૂર્વ અધ્યક્ષ કે.રાધાકૃષ્ણનના વડપણ હેઠળ રચાયેલી આ ઉચ્ચસ્તરીય સમિતિને **mygov website.** ઉપર આગામી સાતમી જુલાઇ સુધીમાં સૂચનો મોકલી શકાશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી- "મન કી બાત" કાર્યક્રમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રવિવારે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## હવામાન-રાજ્ય

રાજ્યમાં આગામી 48 કલાકમાં દક્ષિણ ગુજરાતમાં જ્યારે ત્યાર પછીના ત્રણ દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઘણા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે.હવામાન વિભાગની યાદીમાં જણાવ્યા મુજબ આગામી 48 કલાકમાં જમીન પર પવનની ગતિ 30 થી 40 કિલોમીટર પ્રતિકલાક રહેવાની સંભાવના છે.દરમિયાન છેલ્લા 36 કલાકમાં રાજ્યના દક્ષિણ અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## હવામાન-કચ્છ

દરમ્યાન કચ્છ જીલ્લામાં ગઈકાલે  છઠ્ઠા દિવસે પણ મેઘરાજાએ હાજરી પુરાવી હતી. ગઈકાલે  પુર્વ કચ્છના વાગડ પંથક એવા રાપર અને ભચાઉ તાલુકામાં પોણાથી દોઢ ઈંચ સુધીનો વરસાદ થયો હોવાના સમાચાર છે. જો કે જીલ્લાના  અન્ય વિસ્તારમાં વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતું. હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમ્યાન  વરસાદી માહોલ જળવાયેલો રહેશે તેવી સંભાવના વ્યક્ત કરી છે.

**(આશુતોષ અંતાણી/NP)**

---------------------------------------------------------------------------

## રાજ્ય-'એક પેડ માં કે નામ' અભિયાન

રાજયભરમાં ચાલી રહેલા 'એક પેડ માં કે નામ' અભિયાનમાં રાજ્યના મંત્રીઓ સહભાગી થઈ અભિયાનને વેગવંતું બનાવી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાંચમી જૂને વિશ્વ પર્યાવરણ દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'એક પેડ માં કે નામ' અભિયાન શરૂ કરાવીને દેશ સહિત

વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવાનું આહવાન કર્યું હતું. જેનો હકારાત્મક પ્રતિસાદ આપતા ગઇકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના પરિવાર સાથે વૃક્ષારોપણ કરીને 'એક પેડ માં કે નામ' અભિયાનને ગુજરાતમાં વેગ આપ્યો છે.

**(RNU અમદાવાદ)**

---

## અમરનાથ યાત્રાનો આરંભ

પવિત્ર અમરનાથ યાત્રાનો આજથી વિધિવત આરંભ થશે. આ યાત્રા માટે ભાવિકોનો પહેલો જથ્થો સલામતીની સઘન વ્યવસ્થા વચ્ચે ગઈકાલે સવારે જમ્મુથી અમરનાથની ગુફા તરફ જવા રવાના થયો હતો. અને આ જથ્થાએ બપોરે કાશ્મીરમાં પ્રવેશ કર્યો છે.

આ પ્રસંગે કુલગામના કલેકટર અથર અમીર ઉલ શફીખાન અને વહીવટીતંત્રના અન્ય અધિકારીઓએ ભાવિકોનું સ્વાગત કર્યું હતું. અગાઉ કાશ્મીરના ઉપરાજયપાલ મનોજસિંહાએ જમ્મુના બેઝ કેમ્પથી અમરનાથ યાત્રાના ચાર હજાર 600થી વધુ ભાવિકોને પ્રસ્થાન કરાવ્યું હતું.

**(RNU અમદાવાદ)**

---

## ક્રિકેટ-ICC-T-20 પુરૂષ વિશ્વકપ-ફાઈનલ

આઈ.સી.સી પુરૂષ ટી-20 ક્રિકેટ વિશ્વ કપ સ્પર્ધા અંતર્ગત આજે બ્રીજટાઉન બારબાડોઝ ખાતે ભારત અને  દક્ષિણ આફ્રિકા વચ્ચે ફાઈનલ મેચ રમાશે. મેચ દરમ્યાન વરસાદના વિધ્નની શક્યતા હોવાથી ફાઈનલ મેચ માટે રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે.ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે મેચ શરૂ થશે.

**(આશુતોષ અંતાણી/NP)**

---